મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત સ્વચ્છતા
અંગે હકારાત્મક અભિગમ કેળવવામાટે પ્રચાર-પ્રસાર
માટે ઉચ્ચકક્ષાની સમિતીની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંક : નમલ-૧૧૨૦૧૪-૧૯૦૨-ધ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : 30 JUN 2014

**વંચાણે લીધું :** (૧) આ વિભાગનો તા. ૨૫-૦૨-૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક : નમલ/૧૦૨૦૧૩/૩૫૨૧(પાર્ટ-૧) ધ
(૨) આ વિભાગનો તા. ૦૯-૦૬-૨૦૧૪ નો પત્ર ક્રમાંક : નમલ-૧૦૨૦૧૩-૩૫૨૧-ધ
(૩) ગ્રામ વિકાસ કમિશનર કચેરીની ફાઇલ નંબર : આરડીસી/એનબીએ/શા.પોસ્ટર/૨૦૧૪/૧૭૭૮ ઉપર સરકારશ્રી ની તા. ૨૦-૦૬-૨૦૧૪ ની નોંધ.

"સ્વચ્છતા ત્યાં પ્રભુતા" ના ધ્યેયને હાંસલ કરવા માટે વંચાણે લીધેલ અનુક્રમ (૧) મુજબના ઠરાવથી મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન શરૂ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ અનુક્રમ (૨) અંતર્ગત રાજ્યમાં સ્વચ્છતા મિશનની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે સંબંધકર્તા વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રીઓની બનેલ પેટા સમિતીએ, કાર્યવાહી હાથ ધરવા યોજેલ બેઠકની કાર્યવાહી નોંધ પરિપત્રિત કરવામાં આવી છે. આ કાર્યવાહી નોંધ અનુસાર સંકળાયેલા વિભાગો, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ અને ગ્રામ વિકાસ વિભાગે આ યોજના ના પ્રચાર પ્રસાર અંગેની કામગીરી સંયુક્ત રીતે હાથ ધરવાની રહે છે. વંચાણે લીધેલ અનુક્રમ (૩) ઉપરની નોંધથી મળેલ સરકારશ્રીની સૂચના મુજબ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનના પ્રચાર-પ્રસાર, સાહિત્ય સામગ્રી, પોસ્ટર સાથે સંદેશાઓ તૈયાર કરવા ઉચ્ચકક્ષાની સમિતીની રચના કરવાની થતી હતી.

<u>ઠરાવ :</u>

ઉપરની વિગતોને ધ્યાનમાં રાખી, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનની ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં હાથ ધરવાની થતી જુદી જુદી પ્રવૃત્તિઓ-યોજનાઓના પ્રચાર-પ્રસાર માટે ઉપલબ્ધ

કરાવવાનું થતું સાહિત્ય, પોસ્ટર, સામગ્રી તથા સંદેશા તૈયાર કરવા / કરાવવા નીચે મુજબની ઉચ્ચકક્ષાની સમિતીની રચના કરવામાં આવે છે. આ યોજના હેઠળ પ્રચાર-પ્રસારની તમામ બાબતો અંગેની કામગીરી આ સમિતીની મંજૂરી મેળવીને હાથ ધરવાની રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી નીતિનભાઇ પટેલ, મા.મંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) | અધ્યક્ષશ્રી |
| (૨) | શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, મા.મંત્રીશ્રી (શિક્ષણ) | સભ્યશ્રી |
| (૩) | શ્રી સૌરભભાઇ પટેલ, મા.મંત્રીશ્રી (નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ) | સભ્યશ્રી |
| (૪) | શ્રી ગણપતભાઇ વસાવા, મા.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) | સભ્યશ્રી |
| (૫) | શ્રી જયંતિભાઇ કવાડિયા,મા.મંત્રીશ્રી (પંચાયત- સ્વતંત્ર હવાલો) | સભ્યશ્રી |
| (૬) | શ્રી શંકરભાઇ ચૌધરી, મા.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) | સભ્યશ્રી |
| (૭) | શ્રી તારાચંદભાઇ છેડા, મા.રા.ક.મંત્રીશ્રી (કુટિર, મીઠા ઉદ્યોગ) | સભ્યશ્રી |

જરૂર જણાયે ઉપર મુજબની સમિતી યથા સમયે, સંબંધિત વિભાગોના અ.મુ.સ.શ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રીને આ સમિતીની બેઠકમાં બોલાવી માર્ગદર્શન આપી જરૂરી કાર્યવાહી કરવા સૂચવશે.

આ સમિતીની બેઠક બોલાવવા તેમજ સમિતીએ સુચવ્યા મુજબની કામગીરીનું સંકલન મિશન ડાયરેક્ટરશ્રી અને સચિવશ્રી (હાઉસિંગ/નિર્મળ ગુજરાત)એ કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અશોકસિંહ પરમાર)
નાયબ સચિવ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મા.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મા.મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મા.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મા.મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- મા.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મા.રા.ક.મંત્રીશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મા.રા.ક.મંત્રીશ્રી (આ.પ.ક.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મા.રા.ક.મંત્રીશ્રી (કુટિર ઉદ્યોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વ મા.મંત્રીશ્રીઓ / રા.ક.મંત્રીશ્રીઓના ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વ વિભાગોના અ.મુ.સ.શ્રી ઓ / અગ્ર સચિવશ્રીઓ/ સચિવશ્રીઓ ના રહસ્ય સચિવશ્રીઓ , સચિવાલય, ગાંધીનગર.
- શ.વિ. અને શ.ગૃ.નિ. વિભાગના તમામ ખાતાના વડાશ્રીઓ.
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સિલેક્ટ ફાઇલ.